# Mare Palavde Bandhayo Jasodano Jayo Gujarati Lyrics

મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો
હે મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો

આખા રે મલક નો મણીગર મોહન
એક નાની સી ગાંઠે બંધાયો, જશોદાનો જાયો

મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો
હે મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો

એવો રે બાંધું કે છૂટ્યો ના છૂટે
આંખ્યું ના આંસુ ભલે ખૂટ્યા ન ખૂટે (2)
આજ છેક નાથ હાથ મારે આવ્યો, જશોદાનો જાયો

મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો
હે મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો

મારે કાંકરયિું ને મટકી ફૂટે
મારગ આવી ને મારા ,મહલિા નતિ લૂંટે
મને લૂંટતા એ પોતે લુંટાયો, જશોદાનો જાયો

મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો
હે મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો

સંગ વનિા આખું આકાશ લટકાવ્યું
મહી ચંદ્ર સુરજ તારા નું તોરણ ટીંગાવ્યું
સૌને ટીંગાવતો નટખટ એ લાલ મારા પાલવની કોરે ટીંગાયો

મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો
હે મારે પાલવડે બંધાયો જશોદાનો જાયો

gujaratilyrics.com